| GJKT020007412020 | Presented on | : | 04 | 02 | 2020 |
|---|---|---|---|---|---|
| | Registered on | : | 04 | 02 | 2020 |
| | Disposed on | : | 29 | 04 | 2026 |
| | Duration | : | Y | M | D |
| | | | 06 | 02 | 25 |
| દાવાનુ પરિણામ | નામંજુર | | | | |

**Exhibit No.: 53/A**

**IN THE COURT OF**
**3rd. ADDL. SR. CIVIL JUDGE**
**& A.C.J.M.**
**AT BHUJ, KACHCHH**
**(Presided Over by K.A.Dabhi)**

**રેગ્યુલર દીવાની દાવા નંબર - ૭૭/૨૦૨૦**

| | | |
|---|---|---|
| વાદી/ઓ: | પી-૧ | જશુબેન મનોજ ગોંડલીયા,<br>ઉ. ૩૬ વર્ષ, ધંધો. ઘરકામ,<br>રહે. ગામ મિરઝાપર, તા. ભુજ - કચ્છ. |
| પ્રસ્તુત વકીલશ્રી | : | વિ. વ. શ્રી એમ. એલ. મણીયાર |
| પ્રતિવાદી/ઓ | ડી-૧ | ખીમજી પ્રેમજી ગોડલીયા,<br>ઉ. ૪૮ વર્ષ, ધંધો. પ્રાઈવેટ નોકરી,<br>રહે. કુમાર શાળા વાળી શેરી, ગામ મિરઝાપર,<br>તા. ભુજ - કચ્છ |
| | ડી-૨ | રાધાબે ખીમજી ગોડલીયા,<br>ઉ. ૪૭ વર્ષ, ધંધો. પ્રાઈવેટ નોકરી/કેટરીંગ,<br>રહે. કુમાર શાળા વાળી શેરી, ગામ મિરઝાપર,<br>તા. ભુજ - કચ્છ |
| પ્રસ્તુત વકીલશ્રી | : | વિ. વ. શ્રી કે. જે. મહેતા/ એન. વી. માયેચા |

| | |
|---|---|
| **દાવો}** | **સ્પેસીફીક રીલીફ એક્ટ ની કલમ ૩૪, ૩૬, ૩૭ મુજબ ડેક્લેરેશન તથા કાયમીમનાઈ હુકમ મળવા અંગે** |

**JUDGMENT**
**(Delivered on 29-04-2026)**

**<u>દાવાના કામે વાદીએ માંગેલ દાદ:-</u>**

(૧) આ કામના વાદીઓ દ્વારા હાલ નો દાવો દાખલ કરી પેરેગ્રાફ નં. ૦૯ અન્વયે નીચે મુજબની દાદ મેળવવા સારૂ દાખલ કરેલ છે.

*(૧) આ કામના પ્રતિવાદીઓને આપ નામદાર કોર્ટ રૂબરૂ બોલાવવા અરજ છે.*

*(૨) આ કામના વાદીની માલિકી ની સ્થાવર મકાન મિલકત જે મોજે ભુજ તાલુકાના ગામ મિરજાપર મધ્યેપ્લોટ નંબર ૧૦૦ વાળો જેનું ક્ષેત્રફળ ૨૨૨.૯૬ ચોરસ મીટર વાળો જેના પર બાંધવામાં આવેલ રહેણાંકનું મકાન જેના મિરજાપર ગ્રામ પંચાયત મિલકત નંબર ૭/૬૪ વાળું આવેલ છે તે મકાન વાદીની માલિકીનું છે, તેમાં પ્રતિવાદીઓનો કોઈ હક હિસ્સો નથી તેવું હુકમ તેમજ હુકમનામું ફરમાવવા અરજ છે. તથા આ કામના પ્રતિવાદીઓ સદર દાવાવાળા મકાનનો શાંત પ્રત્યક્ષ કબજો વાદીને સુપરત કરી આપે તેવું હુકમ તેમજ હુકમનામું ફરમાવવા અરજ છે.*

*(૩) આ કામના પ્રતિવાદી નંબર ૧,૨ વાળા દાવાવાળી મિલકત પર કોઈ ભાર બોજો ઉત્પન્ન કરી મિલકતને નુકસાન પહોંચાડે નહીં તથા પ્રતિવાદીઓ વાદીના કબજા ભોગવટામાં અંતરાય અટકાયત કરે કરાવે નહીં તેવું દરમિયાન તેમજ કાયમી મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.*

*કાયદા નઝરે મળી શકતી તમામ રાહત દાદ અપાવવા અરજ છે.*

**<u>વાદીના દાવાની ટૂંક હકીકત:-</u>**

(૨) વાદીના દાવાની ટૂંકી હકીકત એવી છે કે, મોજે ભુજ તાલુકાના ગામ મીરજાપર મધ્ય આવેલ પ્લોટ નંબર ૧૦૦ ક્ષેત્રફળ ૨૨૨.૯૬ ચોરસ મીટર જેના પર બાંધવામાં આવેલ રહેણાંક મકાન જેના મિરજાપર ગ્રામ પંચાયત મિલકત નંબર ૭/૬૪ આવેલ છે જે આ કામના વાદીના પતિના પિતાશ્રી ની માલિકી માં આવેલ હતુ, તેમણે પોતાની હયાતીમાં વહેંચણી કરી વાદીના પતિ મનોજ પ્રેમજી ગોંડલીયા ને આપેલ, જેની નોંધ નંબર ૬૪૪૩ તારીખ ૫-૯-૨૦૧૧ ના રોજ દાખલ થઈ પ્રમાણિત થયેલ છે. ત્યારબાદ વાદીના પતિએ હયાતીમાં વહેંચણી કરી સદર પ્લોટ નંબર ૧૦૦ વાળો વાદીને આપેલ જેની નોંધ નંબર ૧૩૧૯૧ તારીખ ૧૧-૧૧-૨૦૧૯ ના રોજ દાખલ થયેલ છે, જે પ્લોટ પર બાંધવામાં આવેલ મકાન આ કામના વાદીની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટામાં હોવાનું જણાવેલ છે. જેને હવે પછી વાદગ્રસ્ત મિલકત અથવા દાવાવાળી મિલકત તરીકે સંબોધન કરવામાં આવેલ છે. આ પ્લોટ ની અડોઅડ વાદીના પતિની માલિકી નો બીજો પ્લોટ નંબર ૯૯ આવેલ છે. વાદી જણાવે છે કે આ કામના પ્રતિવાદી નંબર ૧ વાળાએ આજીજી કરી વાદીના સસરા પાસે મકાન રહેવા

માંગેલ હતું અને સસરા હોવાના નાતે આ મકાન પ્રતિવાદી નંબર ૧ ને રહેઠાણ માટે આપેલ હતું, ત્યારબાદ વાદીના સસરા એ હયાતીમાં કૌટુંબિક વહેંચણી કરી આ મકાન વાદીના પતિના નામે કરી આપેલ અને પ્રતિવાદી નંબર ૧ વાળાએ વાદીના પતિની તરફેણમાં હક જતો કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નંબર ૧ વાળાએ આ મકાન રહેવા માટે માંગેલ જેથી, વાદીના પતિ એ પ્રતિવાદી નંબર ૧ ને થોડા સમય માટે રહેવા માટે આપેલ હતું, જે મકાનમાં પ્રતિવાદી નંબર ૧ તથા તેમના પત્ની પ્રતિવાદી નંબર ૨ સાથે રહેતા હતા, પરંતુ પ્રતિવાદી નંબર ૨ નું ચરિત્ર ખરાબ હોય જેની અસર ઘરના સંતાનો પર થાય તેમ હોય, તેમ જ વાદી નું કુટુંબ મોટું થતા રહેણાંક ની જરૂરિયાત ઊભી થતાં દાવાવાળા મકાનમાં વધુ બાંધકામ કરવા તથા ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં અને વાદીના પતિએ તેમની હયાતીમાં વાદી નું નામ દાવાવાળા મકાનના રેકોર્ડમાં દાખલ કરાવતા, પ્રતિવાદી નંબર ૧ વાળાને મકાન ખાલી કરવા દાવો દાખલ કરવાના એક મહિના પહેલા જણાવેલ, જે અન્વયે ભરોસો આપેલ હોવા છતાં મકાન ખાલી કરી આપેલ ન હોય અને વાદીના મકાનમાં પ્રતિવાદી તફાવત તથા ફેરફાર ઉભા કરે તેમ હોય, તથા પ્રતિવાદી નંબર ૨ નું ચરિત્ર ખરાબ હોય તેની અસર કુટુંબ પર થાય તેમ હોય સદર હું દાવા અરજી દાખલ કરી ઉપર જણાવ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ હોવાનું જણાવે છે, હાલનો દાવો સમય મર્યાદામાં હોવાનું જણાવે છે અને અત્રેની અદાલતને દાવો દાખલ કરવા માટે હુકુમત પહોંચતી હોવાનું જણાવે છે અને નિયમ મુજબની કોર્ટફી ભરેલ હોવાનું જણાવે છે.

**<u>પ્રતિવાદી પક્ષનો બચાવઃ-</u>**

**<u>પ્રતિવાદી નં. ૨ નો બચાવ :-</u>**

(૩) વાદી દ્વારા ઉપરોક્ત દાવો દાખલ કરવામાં આવતા આ કામના પ્રતિવાદીઓને દાવાનો સમન્સ કરવામાં આવેલ. જે આ કામના પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ ની બજવણી થતા આ કામના પ્રતિવાદી નં. ૨ ના તેમના વિદ્વાન વકીલ શ્રી પી આર ગઢવી મારફતે હાજર થઇ આંક - ૧૦ થી દાવા જવાબ તથા દરમિયાન

મનાઈ અરજી નો સંયુક્ત જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીને હાલનો દાવો દાખલ કરવા માટે કાયદેસર કારણ ઉત્પન્ન થયેલ ન હોય, મુદત દોષનો, નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડતો હોય તેમજ ખોટા પુરાવા ઉભા કરી દાવો દાખલ કરેલ હોય વાદીનો દાવો રદ્દ કરવા જણાવેલ છે. દાવા અરજીના પેરા - ૧, ૨ માં જણાવેલ આક્ષેપો ઈનકાર કરી જણાવે છે કે જો વહેંચણી કરવામાં આવેલ હોય તો તે કાયદા માન્ય નથી, અને વહેંચણી માત્ર પેપર પર હોય વાદીને દાવાવાળી જમીન પર કોઈ કાયદેસર ના હક્ક, અધિકાર કે માલિકી કબજો પ્રાપ્ત થતા નથી. દાવાવાળી મિલકત મૌખિક કરારથી વાદી તથા પ્રતિવાદી નંબર ૨ ન સસરા પ્રેમજી કુંવરજી ગોંડલીયા એ મૌખિક કરારથી આ કામના પ્રતિવાદી નંબર ૧ તે પ્રતિવાદી નંબર ૨ ના પતિ ખીમજી પ્રેમજી ગોંડલીયા ને ઘણા વર્ષો પહેલા આપેલ અને તે પ્લોટ પર પ્રતિવાદી નંબર ૧ ના પતિની સ્વકમાઈની આવક તેમજ પ્રતિવાદી નંબર ૨ ની બચત તેમજ લગ્ન સમયે મળેલ ભેટ સોગાદ તથા રોકડ રકમ તેમજ સ્ત્રીધન દર દાગીના વેચીને તેની આવક રૂપિયા પાંચ લાખ અંદાજિત વગેરે મળીને સસરાની સંમતિથી અંદાજે રૂપિયા પચીસ લાખ થી વિશેષ મૂડીનું વપરાશ રોકાણ કરી રહેવા લાયક રહેણાંક મકાન બનાવેલું છે, જે મકાન ત્યારથી અમારા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં અને માલિકીમાં આવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, પ્રતિવાદી નંબર ૧ અને ૨ વચ્ચે કૌટુંબિક કલેશ થતા નાના મોટા ઝઘડા થવાથી આ કામના પ્રતિવાદી નંબર ૧ વિરુદ્ધ ભરણપોષણ મેળવવા ફોજદારી પરચુરણ અરજી નંબર ૩૩૬/૨૦૧૧ દાખલ કરવામાં આવેલ હતી, જેમાં અમોને સદર હું મકાનમાંથી સામાવાળા અમારા કબજા ને કોઈપણ રીતે અવરોધે નહીં તેવો મનાઈ હુકમ ફરમાવેલ છે. આમ નામદાર કોર્ટે અમો પ્રતિવાદી નંબર ૨ ની તરફેણમાં હુકમ કરેલ છે જેના વિરુદ્ધ કોઈ અપીલ કે રિવિઝન કરેલ નથી, અને તેવી કોઈ અરજી પેન્ડિંગ નથી, અને આ હુકમ આજની તારીખે કાયમ રહેલ છે અને આ હુકમથી અમારા કાયદેસર ના હક્ક ને રક્ષણ મળેલ છે.

(૩.૧) વધુમાં તેઓ દાવા અરજીના પેરા ૩ ની હકીકત ઈનકાર કરી જણાવે છે કે

પ્રતિવાદી નંબર ૨ પાસે એવી કોઈ જ મૂડી કે આવક કે બચત રહેલ નથી કે જેથી કોઈ ખોટા ખર્ચ કરી દાવાવાળી મિલકત માં કોઈ ફેરફાર કે તફાવત ઉભા કરી શકીએ, જેથી આવું કોઈ કાર્ય કરવાની અમોએ કોઈ તૈયારી કરેલ નથી કે વિચારેલ પણ નથી, જેથી વાદીએ હાલના ખોટા કારણો ઉભા કરી ખોટી હકીકતો દર્શાવી અને મનગડત કારણો ઉભા કરી હાલ નો દાવો દાખલ કરેલ છે જે ખરો અને કાયદેસરનો નથી અને મૂળથી જ રદ થવા પાત્ર છે. વધુમાં પ્રતિવાદી નંબર ૨ જણાવે છે કે દાવાવાળી મિલકત પરત્વે કબજો ભોગવટો કે કાયદેસરની કોઈ માલિકી ન હોવા છતાં નામદાર કોર્ટ સમક્ષ ખોટી હકીકતો આગળ ધરી દાવો તથા દરમિયાન મનાઈ હુકમ મેળવવાની અરજી દાખલ કરી ખોટા બહાના તથા કારણો હાથ ધરી નામદાર કોર્ટ સિમ્પથી ખોટી રીતે મેળવવા, ખોટા હક સ્થાપિત કરવાના પ્રયત્નોના ભાગરૂપે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે અને તેવી રીતે હુકમ મેળવી લેતો પ્રતિવાદી નંબર ૨ ના કાયદેસરના હક અધિકાર પર તરાપ પડે તેમ છે અને ગેરકાયદેસરનો હુકમ મેળવી વાદી અમોને અમારા રહેણાંકના ઘરમાંથી દૂર કરી નાખે તો વયોવૃદ્ધ ઉંમર અમે એકલા નારી જાતિ રસ્તે રખડતી ભટકતી અને રજડતી થઈ જઈએ અને જેથી અમુક ખૂબ જ હેરાન પરેશાન થઈ જઈએ.

(૩.૨) વધુમાં પ્રતિવાદી નંબર ૨ ખરી હકીકતના સ્વરૂપમાં જણાવે છે કે વાદી તથા પ્રતિવાદી નંબર ૨ ના સસરાની માલિકીની બાજુ બાજુમાં બે પ્લોટ આવેલ હતા જે પૈકી એક પ્લોટમાં રહેણાંકનું મોટું મકાન જેમાં હાલે સાસુ સસરા આ કામના વાદી સાથે રહે છે, આ કામના વાદીના પતિ વિદેશ વસે છે, તેમનો કોઈ મોટો પરિવાર નથી અને જે મકાનમાં તેઓ રહે છે તે વિશાળ પ્રમાણમાં આવેલું છે. ઉપરોક્ત સમગ્ર હકીકત અને કાયદા નજરે આ કામના વાદીનો દાવો તથા દરમિયાન મનાઈ હુકમ ની અરજી રદ ફરમાવવા અરજ કરેલ છે અને પ્રતિવાદી નંબર ૨ વાળાને થઈ રહેલ વાદીના દાવાના કારણે શારીરિક માનસિક ત્રાસ તથા અણધાર્યા ખર્ચના રૂપિયા ૫૦,૦૦૦/- કમ્પન્સેટરી કોસ્ટ ના વાદી પાસેથી પ્રતિવાદી નંબર ૨ ને અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**<u>પ્રતિવાદી નં. ૧ નો બચાવ :-</u>**

(૪) આ કામના પ્રતિવાદી નં. ૧ ના તેમના વિદ્વાન વકીલ શ્રી પી આર ગઢવી મારફતે હાજર થઇ આંક - ૧૩ થી દાવા જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની દાવા અરજીમાં જણાવેલ હકીકતોનો સ્વીકાર કરેલ છે. તેમજ પ્લોટ નંબર ૯૯ વાદીના પતિ ના નામે આવેલ હોવાનું અને પ્રતિવાદી નંબર ૧ ના પિતાએ પ્લોટ નંબર ૧૦૦, જે તેમને ફાળવવામાં આવેલ, તે પ્લોટ વાદીના પતિને વિભાજનમાં સોંપી આપેલ, જેમાં પ્રતિવાદી નંબર ૧ ને કોઈ વાંધો તકરાર નથી અને દાવાવાળી મિલકત પરત્વે પોતાના હક જતો કરવા અંગેનું એફિડેવિટ તારીખ ૯-૧૦-૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ અને તેમના નાના ભાઇના નામે દાવાવાળી મિલકત રેવન્યુ રેકોર્ડમાં દાખલ કરવામાં આવેલ. સદર હું મકાનમાં રહેવા માટે તેઓએ વાદીને વિનંતી કરેલ જે મકાન પરત સોંપી આપવા માટે હાલ તેઓ તૈયાર છે. વધુમાં તેઓ જણાવે છે કે તેમના પત્નીનું ચરિત્ર ખરાબ છે અને તે કારણસર વર્ષ ૨૦૧૦થી તેમનું લગ્નજીવન સારું ચાલતું ન હોય અલગ રહે છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ અને તેમના પત્ની વચ્ચે સંસાર સારો ચાલતો ન હોય તેમનાથી છૂટાછેડા મેળવવા સારુ ફેમિલી શુટ નંબર ૭૮/૨૦૧૬ નામદાર મુખ્ય ફેમિલી જજ સાહેબની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ, જે દાવો મંજુર કરી નામદાર ફેમિલી કોર્ટ દ્વારા છૂટાછેડા મંજૂર કરવામાં આવેલ, જે હુકમ વિરુદ્ધ આ કામના પ્રતિવાદી નંબર ૨ ના એ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરેલ હોય નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા નામદાર ફેમિલી કોર્ટના હુકમ ને સ્ટે કરવામાં આવેલ છે અને નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સુનવણી માટે આ કામના પ્રતિવાદી નંબર ૨ ની અપીલ પેન્ડિંગ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓએ આ કામના વાદી ને મકાન ખાલી કરી આપવા માટે ખાતરી આપેલ છે. અને આ કામના પ્રતિવાદી નંબર ૨ ના વૈકલ્પિક રહેઠાણ માટે તેઓએ ભુજ મધ્યે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૭૨૦/૨૦૨૧, તા. ૧૯-૦૮-૨૦૨૧ ના રોજ ખરીદ કરેલ છે. તેઓ જણાવે છે કે તેમની પત્ની, પ્રતિવાદી નં. ૨ નુ ચરિત્ર ખરાબ છે અને તેઓ અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધ

ધરાવે છે અને તેના આવા વર્તનના કારણે આ કામના વાદી ની દીકરી ના માનસ પર ખોટી અસર ઉભી થાય છે. આ કામના પ્રતિવાદી નંબર ૨ નાએ પ્રતિવાદી નં. ૧ વિરૂદ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ હેઠળ અરજી કરેલ જે કામે નામદાર અદાલતે પ્રતિવાદી નં. ૨ ની તરફેણમાં રહેણાંક મકાનમાં ભાગ આપવા માટેનો હુકમ કરેલ છે. પ્રતિવાદી નં. ૨ ને અધિકારની રૂએ સદર મકાનના માલિક તરીકે રહેવા માટેની સત્તા આપવામાં આવેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અન્વયે ના કાયદાની જોગવાઈ મુજબ પતિએ રહેણાંક માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની હોય છે. જ્યારે સદર હું દાવાવાળી મિલકતમાં પતિ તરીકે પ્રતિવાદી નંબર ૧ નો કોઈ જ હક રહેતો નથી તે સંજોગોમાં પ્રતિવાદી નં. ૨ પત્ની તરીકે સદર મકાનમાં રહેવા માટે કોઈ રીતે હક્કદાર થતી નથી.

(૪.૧) વધુમાં પ્રતિવાદી નં. ૧ જણાવે છે કે આખી મિલકત તેમના પિતાની હતી. પ્રતિવાદી નં. ૧ લગ્ન પછી, ત્યાં રહેવા ગયેલ, પરંતુ વર્ષો વીતી ગયા પ્રતિવાદીઓએ લગ્નજીવન જીવ્યું નથી અને પતિ-પત્ની તરીકે કોઈ સંબંધ નથી. પ્રતિવાદી નં. ૨ પત્ની તરીકે સ્વીકાર્ય નથી. પ્રતિવાદી નં. ૧ નાએ સ્વેચ્છાએ વારસાના અધિકારો છોડી દીધા છે અને વારસાના અધિકારો મુક્ત કરવા માટે સોગંદનામું કર્યું છે અને મિલકતમાં કોઈ અધિકાર અને હિસ્સા ની જરૂર નથી. પ્રતિવાદી નં. ૨ ને પણ દાવાની મિલકતમાં કોઈ અધિકાર અને હિત નથી અને હાલમાં જ્યાં તે ઘરમાં રહે છે, તે મારી માલિકીનો નથી અને દાવાની મિલકત પર મારો કોઈ અધિકાર અને હિસ્સો નથી. ઉપરોક્ત દાવાવાળી મિલકતનું સમારકામ ખૂબ જ જરૂર છે, જો દાવાની મિલકત સમારકામ વિના છોડી દેવામાં આવે તો ગંભીર અકસ્માત થઈ શકે છે. તેથી, પ્રતિવાદી નં. ૧ એ વાદીના દાવાની પુષ્ટિ કરી અને ડી.વી. એક્ટ ની જોગવાઈ મુજબ, પ્રતિવાદી નં. ૨ માટે બીજા ઘરની વ્યવસ્થા કરી છે.

**<u>કેસના ન્યાય નિર્ણય સારું ઘડવામાં આવેલ મુદ્દા:-</u>**

(૫) સદરહુ દાવાના આખરી ન્યાય નિર્ણય સારું મારા પુરોગામી ન્યાયધિશશ્રી ધ્વારા આંક - ૧૯ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| <u>મુદ્દા નં.</u> | <u>મુદ્દા</u> | <u>નિર્ણય</u> |
|---|---|---|
| (1) | Whether plaintiff proves that he is the owner and possessor of the suit property?<br>શું વાદી પુરવાર કરે છે કે તે દાવાવાળી મિલકતના માલિક અને કબજેદાર છે? | **અંશતઃહકારાત્મક** |
| (2) | Whether plaintiff proves that the defendants have no legal right on suit property and property was given to him on mercy basis?<br>શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલકત પર પ્રતિવાદીનો કોઈ કાયદેસરનો હક્ક નથી અને દાવાવાળી મિલકત તેને દયા ઉપર આપેલ હતી? | **નકારાત્મક** |
| (3) | Whether defendant no. 2 proves that suit property was given to them by the father of defendant no. 1 and defendant no. 1 and 2 constructed the house on it?<br>શું પ્રતિવાદી નં. ૨ પુરવાર કરે છે કે તે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૧ ના પિતા દ્વારા આપવામાં આવેલ અને તેના પર પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ મકાન બનાવેલ છે? | **નકારાત્મક** |
| (4) | Whether the defendant no. 2 proves that she has right to reside in suit property and his right was upheld by the appropriate Court?<br>શું પ્રતિવાદી નં. ૨ પુરવાર કરે છે કે તે દાવાવાળી મિલકતમાં તેને રહેવાનો અધિકાર છે અને તેના હક્ક સક્ષમ અદાલતે કાયમ રાખેલ છે? | **હકારાત્મક** |
| (5) | Whether plaintiff is entitled for the relief as prayed for?<br>શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે? | **નકારાત્મક** |
| (6) | Whether suit is barred by law of limitation?<br>શું વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે? | **નકારાત્મક** |

| | | |
|---|---|---|
| (7) | Whether suit is maintainable as the right of residence is upheld by the appropriate Court in favour of defendant No. 2?<br>સક્ષમ અદાલત દ્વારા પ્રતિવાદી નં. ૨ નો દાવાવાળી મિલકત પરનો હક્ક કાયમ કરેલ હોવાથી શું વાદીનો દાવો ટકવા પાત્ર છે? | **નકારાત્મક** |
| (8) | What order and Decree?<br>શું હુકમ અને હુકમનામુ? | **આખરી હુકમ મુજબ** |

**<u>પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની વિગત</u>**

(૬) સદર દાવાના કામે વાદીએ પોતાનો કેસ પુરાવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>વાદી દ્વારા રજૂ મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| PW-1 | વાદી જશુબેન મનોજ ગોંડલીયાનું પુરાવાનું સોગંદનામું | ૨૦ |
| PW-2 | સાહેદ પ્રેમજી કુંવરજી ગોંડલીયાનું પુરાવાનું સોગંદનામું | ૨૯ |

**<u>વાદી દ્વારા રજૂ દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| પી-૧ | હક્કપત્રક નોંધ નં. ૬૪૪૩ | ૨૩ |
| પી-૨ | હક્કપત્રક નોંધ નં. ૧૩૧૯૦ | ૨૪ |
| પી-૩ | ખાતા નં. ૧૪૩૭૫ ની ખાતાવહી | ૨૫ |
| પી-૪ | ખીમજી પ્રેમજી ગોંડલીયાનું સોગંદનામું | ૨૭ |

વાદી તરફે આંક ૩૦ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો બંધ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

(૭) સદર દાવાના કામે પ્રતિવાદીએ પોતાના બચાવના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>પ્રતિવાદી દ્વારા રજૂ મૌખિક પુરાવો</u>**

| **<u>ક્રમ</u>** | **<u>સાહેદની વિગત</u>** | **<u>આંક</u>** |
|---|---|---|
| DW-1 | પ્રતિવાદી નં. ૧ ખીમજી પ્રેમજી ગોંડલીયાનુ પુરાવાનું સોગંદનામુ | ૩૧ |
| DW-2 | પ્રતિવાદી નં. ૨ રાધાબેન ખીમજી ગોંડલીયાનુ પુરાવાનું સોગંદનામું | ૩૪ |
| DW-3 | સાહેદ જાદવા નાથાભાઈ હાલાઈનું પુરાવાનું સોગંદનામું | ૪૦ |

**<u>પ્રતિવાદી દ્વારા રજૂ દસ્તાવેજી પુરાવો</u>**

| **<u>ક્રમ</u>** | **<u>સાહેદની વિગત</u>** | **<u>આંક</u>** |
|---|---|---|
| ડી-૧ | દસ્તાવેજ નં. ૧૦૭૨૦ ની ખરી નકલ | ૩૨ |
| ડી-૨ | ફોજદારી પરચુરણ અરજી નં. ૩૩૬/૨૦૧૧ ના કામે હુકમ | ૪૩ |

પ્રતિવાદી તરફે આંક ૪૧ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો બંધ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

અત્રે એ હકીકતની નોંધ લેવી જરૂરી છે કે હાલના કામે પક્ષકારોનો પુરાવો પુરો થયાબાદ દલીલના તબક્કે આંક ૪૩ આ કામના પ્રતિવાદી તરફે અને આંક ૪૮ આ કામના વાદી તરફે રજુ કરવામાં આવેલ છે.

**<u>પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દલીલો</u>**

(૮) બંને પક્ષે પુરાવો પુરો થયા બાદ સદર કામ પક્ષકારો તરફે દલીલ સાભળવા માટે રાખવામાં આવતા વાદી તરફે વિ. વ. શ્રી એમ એલ મણીયાર દ્વારા આંક ૪૯ થી લેખિત દલીલ રજુ કરેલ છે. શ્રી મણીયાર પોતાની દલીલના સમર્થનમાં ૨૦૨૫ ડીએચસી ૭૯૮૯ પર પ્રસિદ્ધ થયેલ નીલમ અરોરા વિ. મંજુ અરોરાના ચુકાદા પર આધાર રાખેલ છે. જ્યારે આ કામના પ્રિતાવાદી તરફે વિ. વ. શ્રી એન. વી. માયેચા ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. તમામ પક્ષે રજુ થયેલ દલીલોની પુરાવાની ચર્ચા દરમિયાન યથાસ્થાને ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન અને નિર્ણય માટેના કારણોઃ-</u>**

(૯) હાલના કામે પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા અત્રે એ હકીકતની નોંધ લેવી જરૂરી છે કે હાલના કામે આ કામના વાદી દ્વારા દરમિયાન મનાઈ હુકમ મળવા માટે આંક ૫ થી તથા આ કામના પ્રતિવાદી નંબર ૨ દ્વારા દરમિયાન મનાઈ હુકમ મળવા માટે આંક ૧૧ થી અરજી કરેલ છે. સદર હું બંને પક્ષકારો દ્વારા પોતાની અરજી લગત શેરો કરી સદર હું દરમિયાન મનાઈ અરજી દાવા સાથે નિકાલ થવા, અલોંગ વિથ સૂટ, કરેલ હોય તે મુજબ દરમિયાન મનાઈ અરજી નિકાલ કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ઘડવામાં આવેલ મુદ્દા અન્વયે પુરાવાની ચર્ચા અને મૂલ્યાંકન કરતા પહેલા પુરાવાના મૂલ્યાંકનના સિદ્ધાંતો ધ્યાને લેતા, એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે હકીકત નો પુરાવો ધ્યાને લઈ શકાય નહીં. ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈ તથા દીવાની કાર્યરીતિ સંહિતા ની જોગવાઈ ધ્યાને લેતા વાદી અને પ્રતિવાદી એ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડિંગ માં તેનો આધાર ન હોય તે હકીકત પર આધાર રાખી શકાય નહીં.

(૧૦.૧) ભારતીય પુરાવા અધિનિયમના પ્રકરણ ૭ માં કલમ ૧૦૧ માં સાબિતિના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે જે વંચાણે લેવા નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

> ***"<u>કલમ ૧૦૧-</u> કોઈપણ વ્યક્તિ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકત ના અસ્તિત્વનો આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જ્યારે કોઈ હકીકત નું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યક્તિ પર સાબિતી નો બોજો છે."***

ઉપરોક્ત કલમ વંચાણે લેતા દાવાની કોઈ બાબતો અંગે જ્યારે પ્રતિવાદી એ વિધાનો વિરુદ્ધ કબુલ કર્યા હોય ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આવી હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે. **નામદાર**

**સુપ્રીમ કોર્ટના એ. આઈ. આર. ૨૦૦૬ સુ. કો. ૧૯૭૧** ઉપર પ્રસિદ્ધ થયેલ **અનિલભાઈ ઋષિ ભાઈ વિરુદ્ધ ગુરૂબક્ષસિંહ** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, કલમ ૧૦૧ નો પ્રાથમિક નિયમ અપરિવર્તનશીલ છે અને આ આરંભિક બોજો હંમેશા વાદીના સીર ઉપર છે અને જો તેનું તે પાલન કરે ત્યારે તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે. આમ, ઉપરોક્ત ઠરાવ માં આવેલ સિદ્ધાંતો તથા કેસની હકીકત તથા બંને પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલ લેખિત દલીલો ને ધ્યાને લઈને આ દાવાના પુરાવા ની આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ છે. આ કામના વાદી દ્વારા પોતાનો દાવો સાબિત કરવા સારું આંક ૪૩ થી પુરાવાનુ સોગંદનામુ રજૂ કરેલ છે તથા આંક ૪૯ થી આંક ૭૩ સુધી ના દસ્તાવેજી આધારો રજુ કરેલ છે. આ કામના પ્રતિવાદી તરફથી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**મુદ્દા નં. ૧, ૨, અને ૩ ની સંયુક્ત ચર્ચાઃ-**

***(1)*** ***Whether plaintiff proves that he is the owner and possessor of the suit property?***
***શું વાદી પુરવાર કરે છે કે તે દાવાવાળી મિલકત ના માલિક અને કબજેદાર છે?***

***(2)*** ***Whether plaintiff proves that the defendants have no legal right on suit property and property was given to him on mercy basis?***
***શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલકત પર પ્રતિવાદીનો કોઈ કાયદેસરનો હક્ક નથી અને દાવાવાળી મિલકત તેને દયા ઉપર આપેલ હતી?***

***(3)*** ***Whether defendant no. 2 proves that suit property was given to them by the father of defendant no. 1 and defendant no. 1 and 2 constructed the house on it?***
***શું પ્રતિવાદી નં. ૨ પુરવાર કરે છે કે તે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૧ ના પિતા દ્વારા આપવામાં આવેલ અને તેના પર પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ મકાન બનાવેલ છે?***

(૧૧) ઉપરોક્ત મુદ્દાની હકીકત અને કાયદાની દ્રષ્ટિએ પરસ્પર રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચા ના પુનરાવર્તન ન થાય તે હેતુસર તથા સ્પષ્ટતા ખાતર ઉપરોક્ત મુદ્દાની ચર્ચા અત્રે એક સાથે કરવાનું મુનાસીબ ગણવામાં આવ્યું છે. જે અન્વયે ઉપરોક્ત મુદ્દાની ચર્ચા હવે પછી એક સાથે કરવામાં આવશે.

(૧૨) હાથ ઉપરના કેસમાં વાદીના કથન જોવામાં આવે તો સદર હું દાવાવાળી

મિલકત પ્લોટ નંબર ૧૦૦ વાદીના પતિના પિતાશ્રી એટલે કે વાદીના સસરા ની માલિકીનું આવેલ હતો જેમણે પોતાની હયાતીમાં વહેંચણી કરી આ પ્લોટ આ કામના વાદીના પતિ ને ફાળવી આપેલ ત્યારબાદ વાદીના પતિ દ્વારા પોતાની હયાતીમાં વહેંચણી કરી સદર હું પ્લોટ નંબર ૧૦૦ આ કામના વાદીને આપેલ. ઉપરોક્ત બંને વ્યવહારની રેવન્યુ રેકર્ડ પર અસર અનુક્રમે નોંધ નંબર ૬૪૪૩ તથા ૧૩૧૯૧ થી આપવામાં આવેલ છે. સદર પ્લોટ પર મકાન બાંધવામાં આવેલ છે. હવે વાદી વધુમાં એવી હકીકત જણાવે છે કે પ્રતિવાદી નંબર ૧ વાળાએ આજીજી કરતા આ મકાન વાદીના સસરા પાસે રહેણાંક માટે માંગણી કરેલ, અને વાદીના સસરાએ આ મકાન પ્રતિવાદી નંબર ૧ ને રહેવા માટે આપેલ. વાદીના કથન અનુસાર, ત્યારબાદ, વાદીના સસરા હયાતીમાં કૌટુંબિક વહેંચણી કરી વાદીના પતિના નામે દાવાવાળુ મકાન કરી આપેલ, જેની વાદીના પતિ ના નામે હક પત્રકમાં નોંધ પડેલ, ત્યારબાદ પ્રતિવાદી નંબર ૧ વાળાએ સોગંદનામુ કરી પોતાના હક વાદીના પતિની તરફેણમાં જતા કરેલા, ત્યારબાદ પ્રતિવાદી નંબર ૧ વાળાએ ફરીથી આજીજી કરી દાવાવાળુ મકાન રહેવા માટે માંગેલ જેથી ભાઈ હોવાના નાતે થોડા સમય માટે આ મકાન રહેવા માટે આપેલ હતું. આ કામના પ્રતિવાદી નંબર ૧ વાદીના દાવાને સંપૂર્ણ સમર્થન કરતો જવાબ રજૂ કરે છે. જ્યારે હાલના કામના પ્રતિવાદી નંબર ૨ પોતાના જવાબમાં એવો બચાવ ઉપસ્થિત કરે છે કે, દાવા વાળો પ્લોટ નંબર ૧૦૦ પ્રતિવાદી નંબર ૨ના સસરા પ્રેમજી કુંવરજી ગોંડલીયા કે મૌખિક કરારથી પ્રતિવાદી નંબર ૧ ને ઘણા વર્ષ પહેલાં આપેલ જેના પર પ્રતિવાદી નંબર ૧ ની સ્વકમાઈની આવક તેમજ પ્રતિવાદી નંબર ૨ ની બચતની મૂડી તથા લગ્ન સમયે મળેલ ભેટ સોગાદ, રોકડ રકમ, સ્ત્રી ધન દાગીના જેની અંદાજે કિંમત રૂપિયા પાંચ લાખ વેચીને, લગ્ન બાદ સસરાની સંમતિથી રહેણાંક નું મકાન બનાવેલું અને ત્યારથી સદર મકાન પ્રતિવાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટા અને માલિકીમાં આવેલ છે.

(૧૨.૧) વાદીએ પોતાના દાવાની હકીકતો સાબિત કરવા સારું દીવાની કાર્યરીતિ સંહિતા ના હુકમ ૧૮ નિયમ ૪ મુજબનું આંક ૨૦ થી પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે,

જેમાં દાવા અરજીમાં જણાવેલ વિગત મુજબની હકીકત પોતાના પુરાવાના સોગંદનામામાં ઉલ્લેખ કરેલ છે, જેથી પુનરાવર્તન ન થાય તે હેતુથી અત્રે ફરીથી તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. હવે આ કામના વાદી તરફથી રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો આંક ૨૩ થી હક પત્રકની ફેરફાર નોંધ નંબર ૬૪૪૩ રજૂ કરેલ છે. સગર નોંધ જોવામાં આવે તો તારીખ ૦૫-૦૯-૨૦૧૧ ના રોજ આનંદ પાડવામાં આવેલ છે જે જોતા *"મીરઝાપર બિન ખેતી ખાતા નંબર ૨૭૭ થી પ્રેમજી કુંવરજી પરબત ગોંડલીયા નોંધ નંબર ૧૩૭ થી પ્લોટ નંબર ૯૯ તથા ૧૦૦ કુલ ચોરસ મીટર ૪૪૫.૯૩ વાળા ધારણ કરે છે. તેઓ શ્રી રજૂ કરેલ નોટરી રૂબરૂ ના સોગંદનામાં મુજબ પોતાની હયાતીમાં આ મિલકત પોતાના પુત્ર મનોજ પ્રેમજી ને આપતા, તેમણે રજૂ કરેલ સોગંદનામાં, અરજી મુજબ તેમના પુત્ર મનોજ પ્રેમજી કુવરજી ને ખાતે ગામતળ પ્લોટ નંબર ૯૯ તથા ૧૦૦ દાખલ કરવા આ નોંધ પાડવામાં આવી."* સદર નોંધ નાયબ મામલતદાર શ્રી (મહેસુલ) ભુજ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. જેથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે સદર હું બંને પ્લોટ નંબર ૯૯ અને ૧૦૦ આ કામના વાદીના પતિ ના ફાળે તેમના સસરા દ્વારા કૌટુંબિક વહેંચણીમાં આપવામાં આવેલ. હવે આંક ૨૪ વંચાણે લેતા ફેરફાર નોંધ નંબર ૧૩૧૯૧ રજૂ કરેલ છે જે તારીખ ૧૧-૧૧-૨૦૧૯ ના રોજ હયાતીમાં વહેંચણીની નોંધ પાડવામાં આવેલ છે જે નોંધ જોતા, *"માર્જિનમાં જણાવેલ મિલકત શ્રી ગોંડલીયા મનોજ કુપ પ્રેમજી કુવરજીએ તારીખ ૧-૧૦-૧૯ ના નોટરી રૂબરૂ કરેલ કબુલાત નામા મુજબ પોતાની હયાતીમાં ઉપરોક્ત મિલકત શ્રી બિન અવેજ કૌટુંબીક (હયાતી) વહેંચણીમાં પોતાની પત્ની જશુબેન મનોજ ગોંડલીયા ને સોગંદનામાં ક્રમાંક ૧૦૯૨૧ તારીખ ૧-૧૦-૧૯ ભ્રાંતિ સી વોરા સોગંદનામુ તથા અરજી આધારે જશુબેન મનોજ ગોંડલીયા ને નામે થવા નોંધ પાડવામાં આવી"* સદર નોંધ સર્કલ ઓફિસર ભુજ શહેર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. આમ ઉપરોક્ત નોંધ જોતા વાદીના સસરા દ્વારા હયાતી દરમિયાન કૌટુંબિક વહેંચણીમાં દાવાવાળી મિલકત વાદીને ભાગે આપવામાં આવેલ અને વાદી દ્વારા પોતાની હયાતીમાં સદર હું દાવાવાળી મિલકત તેમના પત્ની એટલે કે આ કામના

વાદીને નામે આપવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. આંક ૨૫ થી રજુ ખાતાવહી જોતા હાલે પ્લોટ નંબર ૧૦૦ આ કામના વાદીના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે.

(૧૨.૨) હાલના કામના વાદીની પ્રતિવાદીઓ તરફથી તેમના વિદ્વાન વકીલ શ્રી મારફત વિસ્તારપૂર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જે અન્વયે આ કામના પ્રતિવાદી નંબર ૧ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં વાદીના દાવાથી વિપરીત ની કોઈ હકીકત પૂછવામાં આવેલ નથી, તેમ જ પ્રતિવાદી નંબર ૧ના પ્રતિવાદી નંબર ૨ સાથે કોર્ટ રૂબરૂ છૂટાછેડા થઈ ગયેલ હોવાની હકીકત તેઓ કબુલ કરે છે. હવે પ્રતિવાદી નંબર ૨ તરફથી વાદીની કરવામાં આવેલી ઉલટ તપાસ જોવામાં આવે તો પ્રેમજી કુંવરજી ગોંડલીયા વાદીના સસરા થાય છે, દાવાવાળો પ્લોટ તેમના સસરાનો હતો તે કબુલ કરે છે. હાલે તેઓ કયા પ્લોટ ઉપર રહે છે તે સોગંદનામાં જણાવેલ હોવાનું કહે છે. તેમના સસરા અલગ મકાનમાં રહે છે અને વાદી તેમના પતિ સાથે અલગ મકાનમાં રહે છે તેમ જણાવે છે. પ્રતિવાદી નંબર ૨ તેમના જેઠાણી થાય છે જે વાદગ્રસ્ત મકાનમાં કેટલા વર્ષોથી રહે છે તેની તેમને ખબર નથી તેમ જણાવે છે અને આ વાદગ્રસ્ત મકાન બન્યું ત્યારથી આજ સુધી તે જ મકાનમાં તેમના પુત્ર સાથે રહેતા હોવાનું કબુલ કરે છે. પ્રતિવાદી નંબર ૨ તથા પ્રતિવાદી નંબર ૧ વચ્ચે કૌટુંબીક તકરાર ચાલે છે અને તેઓ સાથે રહેતા નથી તે સ્વીકાર કરે છે. આ કામના પ્રતિવાદી નંબર ૨ વાળાએ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબ શ્રી સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નંબર ૩૩૬/૨૦૧૧ ભરણપોષણ તેમજ મકાનમાં રહેવા દે તે માટે દાખલ કરેલ તેવી તેમને ખબર નહીં હોવાનું, આ અરજીમાં સસરા પ્રેમજી કુવરજી ગોંડલીયા તથા પ્રતિવાદી નંબર ૧ ને જોડેલ હોવાની, અને તેમના સસરા અરજીના કામે હાજર થયેલ અને પુરાવો આપેલ, તેમજ તારીખ ૭-૫-૨૦૧૬ ના અધિક સિવિલ જજ સાહેબે પ્રતિવાદી નંબર ૨ વાળા પાસે મકાનનો કબજો રહે તેવો હુકમ ફરમાવેલ તેની તેમને ખબર નથી તેમ જણાવે છે. વધુમાં વાદીના નામે આ પ્લોટ કરવાની કાર્યવાહી સદર ફોજદારી પરચુરણ અરજીના હુકમ

થયા બાદ થયેલી છે તેની પણ તેમને જાણ નહીં હોવાનું જણાવે છે. વાદવાળું મકાન, વાદી રહે છે તે મકાન તથા સસરાનું મકાન ત્રણેય બાજુમાં આવેલ છે તે સ્વીકારે છે. તેમના સસરાએ આ દાવાવાળો પ્લોટ પ્રથમ આ કામના પ્રતિવાદી નંબર ૧ ને આપેલ તેવી જ રીતે પ્લોટ નંબર ૯૯ વાદીના પતિને આપેલ હોવાનો અને વાદી હાલ પ્લોટ નંબર ૯૯ માં રહેતા હોવાનો સ્વીકાર કરે છે. પ્રતિવાદી નંબર ૨ તથા તેમના સગીર પુત્રને ભવિષ્યમાં હક આપવા ના પડે તેથી મકાન વાદીને આપેલ હોવાનો ઇનકાર કરે છે. વાદગ્રસ્ત મકાન વાદીના નામે કરાવેલ ત્યારે પ્રતિવાદી નંબર ૨ વાદગ્રસ્ત મકાનમાં રહેણાંક કરતા હતા તે કબુલ કરે છે. વાદગ્રસ્ત મકાન વાદીના નામે કરેલ તેની પ્રતિવાદી નંબર ૨ અને કોઈ પૂછપરછ કરેલ નહીં હોવા બાબતે વાદી જાણતા નહીં હોવાનું જણાવે છે. પ્લોટની નામ ટ્રાન્સફરની કાર્યવાહીની જાણ પ્રતિવાદી નંબર ૨ ને કરેલ નહીં હોવાનો ઇનકાર કરે છે. પ્રતિવાદી નંબર ૧, ૧૫ વર્ષથી વિદેશ રહે છે તે સ્વીકાર કરે છે. વાદી અને તેમના સસરાના રહેવા માટે અલગ અલગ મકાન હોવાનું કબુલ કરે છે. દાવાવાળું મકાન પ્રતિવાદી નંબર ૨ વાળાએ વાદીને હાલ રહેણાંક માટે રહેવા આપો ભવિષ્યમાં હું મકાન પરત કરીશ તેમ કહેલ હોય તેવી વાદીને ખબર નહીં હોવાનું જણાવે છે. પ્રતિવાદી નંબર ૧ અને ૨ ના લગ્ન થયા ત્યારે વાદગ્રસ્ત મકાન બનાવેલ, ત્યારથી આજદિન સુધી પ્રતિવાદી નંબર ૨ વાદગ્રસ્ત મકાનમાં રહે છે તે હકીકતનો સ્વીકાર કરે છે. અન્ય સૂચનો નકારી કાઢે છે.

(૧૨.૩) ત્યારબાદ આ કામના વાદી તરફે આંક ૨૯ થી પ્રેમજી કુવરજી ગોંડલીયા નું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં તેઓ વાદીની દાવા અરજીમાં જણાવ્યા મુજબની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન કરે છે. તેઓ જણાવે છે કે તેમની મોટી અવસ્થા સમયે તેમના પુત્ર મનોજે તેમની સેવાચાકરી અને સાર સંભાળ રાખેલ છે, આ કામના પ્રતિવાદીઓએ તેમની ક્યારેય તેઓની પૃચ્છા કરેલ નથી કે વૃદ્ધ અવસ્થામાં પણ સારસંભાળ રાખેલ નથી. દાવાવાળી મિલકતના મુળ માલિક તેઓ હોય પ્રતિવાદી નં. ૧ નાએ સદર દાવાવાળુ મકાન આજીજી કરી રહેવા માટે માંગેલ હતું જે પિતા હોવાના નાતે પ્રતિવાદી નં. ૧ ને રહેવા માટે આપેલ

હતુ. સદર સાહેદ વધુમાં જણાવે છે તે તેઓએ હયાતી દરમિયાન વહેંચણી કરી તેમના પુત્ર મનોજને દાવાવાળી મિલકત આપેલ હતી અને પ્રતિવાદી નં. ૧નાએ પોતાના હક્કો જતા કરેલ છે. ત્યારબાદ ફરીથી પણ પ્રતિવાદી નં. ૧ નાએ આજીજી કરી મકાન રહેવા માટે માંગેલ હોય ભાઈ હોવાના કારણે મકાન રહેવા માટે આપેલ હતુ. તેઓ જણાવે છે કે પ્રતિવાદી નં. ૨ વાળાને ડી વી એક્ટ હેઠળ થયેલ હુકમ મુજબ શેરહાઉસહોલ્ડ ના રતે મકાનનો કબજો મળેલ હતા, એઝ ઓફ રાઈટ દાવાવાળી મિલકત પ્રાપ્ત થયેલ નથી.

(૧૨.૪) સદરહું સાહેદની પ્રતિવાદીઓ દ્વારા તેમના વિ. વ. શ્રી મારફત વિસ્તારપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા વાદીના દાવાને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. હવે પ્રતિવાદી નં. ૨ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, પ્રતિવાદી નં. ૧ તેમના પુત્ર અને નં. ૨ પુત્રવધુ થાય છે, દાવાવાળા મકાન, પ્લોટ નં. ૧૦૦ માં હાલે પ્રતિવાદી નં. ૨ તેમના પુત્ર સાથે રહે છે અને પ્રતિવાદી નં. ૧ વિદેશ રહે છે, પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ અને સાહેદ સામે ભરણપોષણ અને રહેણાંક મકાન માટેનો કેસ કરેલ તે સ્વીકાર કરે છે. દાવાવાળુ મકાન ખાલી કરાવવું નહીં તેવો નામદાર કોર્ટે હુકમ કરેલ હોવાની તેમને જાણ નહિ હોવાનું જણાવે છે. હાલના વાદી પ્લોટ નં. ૯૯ પર રહેતા હોવાનું કબુલ કરે છે. પ્રતિવાદી નં. ૧, ૨ ના લગ્ન થયા બાદ તરત જ આ મકાન બનાવેલ હોવાનો સ્વીકાર કરે છે. સાહેદનાએ મારામારીની જે ફરીયાદ રજુ કરેલ તે કેસ પુરો થઈ ગયેલ હોવાનો અને આરોપી નિર્દોષ છુટી ગયેલ હોવાની તેમને ખબર નહિ હોવાનું જણાવે છે. પ્રતિવાદી નં. ૧, ૨ વચ્ચે અણબનાવના કારણે છુટાછેડાનો કેસ ચાલતો હોવાનો ઈનકાર કરે છે, *“એ વાત ખરી છે કે, ભવિષ્યમાં મારા પુત્ર ખીમજીભાઈ પ્રેમજીભાઈ ગોંડલીયાએ તેમની પત્ની તથા પુત્ર ને હક્કો આપવા ન પડે તેવા આસયેથી આ પ્લોટ અને મકાન આ કામના વાદીને પ્રતિવાદી નં. ૨ વાળાને કોઈ પણ પ્રકારની જાણ કર્યા સિવાય આ કામના વાદીના નામે ટ્રાન્સફર કરેલ છે.”* તેવી હકીકત જણાવે છે.

(૧૩) હવે હાલના કામે પ્રતિવાદી નં. ૨ દ્વારા દિવાની કાર્યરીતિ સંહિતા ના હુકમ ૧૮ નિયમ ૪ મુજબ આંક ૩૧ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં આંક - ૧૩ થી રજુ દાવા જવાબમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતી વગતો જણાવેલ છે અને દાવા જવાબ મુજબનુ વર્ણન કરવામાં આવેલ હોય જેનો અગાઉ વિસ્તાર પુર્વક ઉલ્લેખ કરવામાં આવેલ હોય પુનરાવર્તનનો દોષ ટાળવા સારુ અત્રે ફરીથી તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. હવે આ કામના વાદી દ્વારા તેમના વિ. વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમા મિરજાપર મુકામે પ્લોટ નં. ૧૦૦ મુળ તેમના પિતાજીના નામે આવેલ, તેમની પાસેથી તેમના ભાઈ મનોજ પાસે અને ત્યારબાદ મનોજની પત્ની જશુબેન પાસે આવેલ અને ગ્રામ પંચાયત રેકર્ડમાં જશુબેન ગોંડલીયાના નામે નોંધાયેલ, અને તેમાં પ્રતિવાદી નં. ૧ નાએ કોઈ વાંધો ઉઠાવેલ નહી હોવાનું, અને પ્રતિવાદી નં. ૧ નાએ તેમના ભાઈની તરફેણમાં દાવાવાળી મિલતમાનો પોતાનો હક્ક સ્વેચ્છાએ જતો કરેલાનું કબુલ કરે છે. પ્રતિવાદી નં. ૧,૨ વચ્ચે છુટાછેડા થઈ ગયેલ હોવાનું કબુલ કરે છે. રાધાબેન દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં. ૨ થકી રહેવા આવેલ, પ્રતિવાદી નં. ૧ પાસે નાણાની વ્યવસ્થા ન હોય તેમના પિતા અને ભાઈ પાસે આજીજી કરી તેથી દાવાવાળી મિલકતમાં રહેવા માટે પરવાનગી આપવામાં આવેલ હોવાનું કબુલ કરે છે. રાધાબેનને પ્રતિવાદી નં. ૧ ના ભાઈ કે પિતાએ પરવાનગી આપેલ નહિ હોવાનું કબુલ કરે છે.

(૧૩.૧) હવે આ કામના પ્રતિવાદી નં. ૨ દ્વારા તેમના વિ. વ. શ્રી મારફતે કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, પ્લોટ નં. ૯૯ માં વાદી જશુબેન અને તેમના પતિ સાથે રહે છે, પ્લોટ નં. ૧૦૦ પર મકાન બનાવેલ હતુ અને લગ્ન બાદ પ્રતિવાદી નં. ૧, પ્રતિવાદી નં. ૨ સાથે રહેતા હતા તે કબુલ કરે છે. પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ સામે અરજી કરેલ તે કબુલ છે પરંતુ તે અરજીના કામે પ્રતિવાદી નં. ૨ વાળુ મકાન ખાલી કરાવવુ નહિ તેવો હુકમ થયાની તેમને જાણ નહિ હોવાનું જણાવે છે. તે કામે પ્લોટના માલિક એટલે કે પ્રતિવાદી નં. ૧ ના પિતા હાજર થયાની તેઓને જાણ નહિ હોવાનું જણાવે છે. પ્લોટ નં. ૯ સાહેદના

ભાઈ અને વાદીને તથા પ્લોટ નં. ૧૦૦ પ્રતિવાદી નં. ૧, ૨ ને આપેલ હોવાનો ઈનકાર કરે છે. અન્ય સુચનો નકારી કાઢે છે.

(૧૪) હવે હાલના કામે પ્રતિવાદી નંબર ૨ રાધાબેન ખીમજીભાઈ ગોંડલીયા આંક ૩૪ થી દીવાની કાર્યરીતિ સંહિતા ના હુકમ ૧૮ નિયમ ૪ મુજબ પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે, સદર હું પુરાવાના સોગંદનામાની અંદર દાવા જવાબમાં જણાવ્યા મુજબની વિગત જણાવેલ છે અને પોતાના દાવા જવાબની વિગતોને વળગી રહેલ છે, પ્રતિવાદી નંબર ૨ ના દાવા જવાબનું વિસ્તૃત વર્ણન ઉપર કરવામાં આવેલ હોય પુનરાવર્તન ટાળવા સારું અત્રે ફરીથી તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. હવે વાદી તરફથી તેમના વિદ્વાન વકીલ શ્રી મારફત સદર હું પ્રતિવાદી નંબર ૨ ની વિસ્તારપૂર્વક ઊલટ તપાસ કરવામાં આવેલી છે જે જોતા, તેઓ ચાર ધોરણ સુધી ભણેલ છે તેમને અંગ્રેજી ભાષા આવડતી નથી, તેમના પુરાવાના સોગંદ નામાના પાન નંબર ૨ પર અંગ્રેજીમાં લખાણ છે તેની તેમને ખબર છે તેમ જણાવે છે અને તેમાં દસ્તાવેજ ની માહિતી લખેલ હોવાનું જણાવે છે. દાવાવાળી મિલકતનો પ્રતિ. નંબર ૨ ની માલિકીનો કોઈ દસ્તાવેજ બનેલ નથી, તેમના પુરાવામાં જણાવ્યા મુજબ બાંધકામના કોઇ બિલ રજૂ કરેલ નથી તે સ્વીકાર કરે છે. તેમના પતિ સાથે તેમને કૌટુંબિક માથાકૂટ હતી તે સ્વીકાર કરે છે પરંતુ છૂટાછેડા થઈ ગયેલ હોવાનો ઇનકાર કરે છે અને નામદાર ગુજરાત હાઇકોર્ટ નો સ્ટે હોવાનું જણાવે છે. તેઓ તેમના પતિથી ૧૨ વર્ષથી જુદા રહેતા હોય એક છત નીચે પતિ પત્ની રહેતા નથી તે સ્વીકાર કરે છે. ફોજદારી પરચુરણ અરજી નંબર ૩૩૬/૧૧ વાળો કેસ શું છે તેની તેમને ખબર નથી તેમ જણાવે છે. દાવાવાળી મિલકતમાં તેઓ લગ્ન કરીને આવેલા, ખુલ્લી જમીન તેમના સસરાય આપેલી અને પ્રતિવાદી નંબર ૨ અને તેમના પતિ એ મકાન બનાવેલ હોવાનું જણાવે છે. દાવાવાળી મિલકત રેવન્યુ રેકર્ડમાં હાલે કોના નામે નોંધાયેલી છે તેની તેમને ખબર નહીં હોવાનું જણાવે છે. ફેરફાર નોંધ નંબર ૬૪૪૩ સામે આજ દિન સુધી તેઓએ કોઇ કાર્યવાહી કરેલ નથી. દાવાવાળી મિલકત તેમના સસરાના નામ બાદ તેમના દિયરના નામે દાખલ થયેલી અને હાલેવાદીના નામે

રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલી જેમાં પ્રતિવાદી નંબર ૨ ના પતિ એટલે કે પ્રતિપાદી નંબર ૧ ના એ પોતાનો હક તેમાંથી જતો કરેલ છે તે કબુલ કરે છે. દાવાવાળી મિલકત બાબતે આજદિન સુધી તેમણે કોઈ કાઉન્ટર ક્લેમ કરેલ નહીં હોવાનું કબુલ કરે છે. ત્યારબાદ પ્રતિવાદી નંબર ૧ દ્વારા તેમના વિદ્વાન વકીલ શ્રી મારફત પ્રતિવાદી નંબર ૨ ની ઉલટ તપાસ જોવામાં આવે તો ૨૦૧૦ થી પ્રતિવાદી નંબર ૧ અને ૨ વચ્ચે કોઈ સંબંધ રહેલ નથી, લક્ષ્મીબેન અને ઉર્વશીબેન તેમની બે દીકરીઓ છે, લક્ષ્મીબેન તેઓની સાથે અને ઉર્વશીબેન તેમના પતિ સાથે રહે છે, લક્ષ્મીબેને હાલ ભાગીને લગ્ન કરેલ છે અને અમદાવાદ મધ્ય તેના પતિ સાથે રહે છે, ઉર્વશીબેનના જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન થયેલ છે તે સ્વીકાર કરે છે.

(૧૫) ત્યારબાદ આંક ૪૦ જાદવા નાથાભાઈ હાલાઈ ના એ પ્રતિવાદી નંબર ૨ ની તરફેણમાં પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે, તેઓ જણાવે છે કે રાધાબેન ખીમજી ગોંડલીયા પ્રતિવાદી નંબર ૨ પાસે આવેલ સ્ત્રીદન ના દાગીના અને મૂડી જેની અંદાજિત કિંમત રૂપિયા પાંચ લાખ વેચીને પોતાનો રહેણાંક નું મકાન ઉભુ કરેલ છે, આ મકાન બનાવ્યું ત્યારથી તેઓ તેમના પુત્ર સાથે વસવાટ કરે છે. વાદી દ્વારા તેમના વિદ્વાન વકીલ શ્રી મારફત કરવામાં આવેલી સદર સાહેદની ઉલટ તપાસ જોતા પુરાવાના સોગંદનામાની અંદર શું લખેલ છે તેની તેમને ખબર નથી પરંતુ સમજણ છે, શું સમજણ છે તેના જવાબમાં જણાવે છે કે તે તેઓ કહી શકે નહીં. રાધાબેન તેમના સાળી થાય છે, તેમના પત્ની અને સાળીએ જુબાની આપવાનું કહેતા તેઓ જુબાની આપવા માટે આવેલ છે. રાધાબેન પ્રેમજી ગોંડલીયા ને પુત્રી નથી પરંતુ પુત્રવધુ છે, પ્રેમજી ગોંડલીયા ની મિલકત તેમના વારસદારને મળે તે હકીકત સ્વીકાર કરે છે. રાધાબેનના દર દાગીનાના બિલ તેમણે જોયેલ નથી તેમ જણાવે છે, આ દાગીના કઈ તારીખે વેચેલા તે પણ તેઓ કહી શકે નહીં દાવાવાળી મિલકતનો પ્રતિવાદી નંબર ૨ ના નામે રજીસ્ટરમાં માલિકીનો નથી, ખીમજીભાઇ દીકરો થતો હોય રહેમ રહે પ્રેમજીભાઈએ દાવાવાળી મિલકત આપેલી, દાવાવાળી મિલકત હાલવાદી ના

નામે ગ્રામ પંચાયતમાં બોલે છે તે સ્વીકાર કરે છે. પ્રતિવાદી નંબર ૧ દ્વારા તેમના વિદ્વાન વકીલ શ્રી મારફત કરવામાં આવેલી ઉલટ તપાસમાં મિલકતના બાંધકામ સંબંધે તેઓએ કોઈ દસ્તાવેજી આધારે રજૂ કરેલ નથી, રાધાબેન ખીમજીભાઇ થી અલગ રહે છે તે કબુલ કરે છે. રાધાબેન અને ખીમજીભાઈ વચ્ચે પતિ પત્નીના સંબંધ નથી અને તેઓની વચ્ચે છુટાછેડા ના કેસ ચાલતા હતા તેની તેમને ખબર નથી. દાગીના વેચીને મકાન બનાવવાની હકીકત રાધા બે ને તેઓને જણાવેલી. અન્ય સજેશનનો નકારી કાઢેલ છે.

(૧૬) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે પક્ષકારો દ્વારા રેકર્ડ ઉપર રજૂ સમગ્ર પુરાવો એકી સાથે વંચાણે લઇ તેનો સમગ્રલક્ષી મૂલ્યાંકન કરવામાં આવે તો અત્રે એ હકીકત સ્પષ્ટ છે કે હાલના કામે દાવાવાળી મિલકત પ્લોટ નંબર ૧૦૦ રેવન્યુ રેકર્ડ ઉપર હાલના કામના વાદીના નામે હક પત્રક ફેરફાર નોંધ નંબર ૧૩૧૯૧ આંક ૨૪ થી નોંધાયેલ છે. હવે કેસની હકીકત મુજબ સદર હું પ્લોટ તથા આ કામના વાદીના પતિ ના નામે આવેલ પ્લોટ નંબર ૯૯ આ કામના વાદી અને પ્રતિવાદી નંબર ૨ ના સસરા નામે પ્રેમજી કુવરજી ગોંડલીયા ના નામે આવેલ હતી આ મિલકત તેઓએ તેમના પુત્ર મનોજ પ્રેમજી ને પોતાની હયાતીમાં આપેલ જે અંગેની નોંધ નંબર ૬૪૪૩, આંક ૨૩ પાડવામાં આવેલી છે. તેમજ સદર હું મનોજ પ્રેમજી ગોંડલીયા ના એ પોતાની હયાતીમાં સદર હું પ્લોટ નંબર ૧૦૦ પોતાની પત્નીના નામે દાખલ કરાવેલ જે અન્વયે ઉપરોક્ત નોંધ આંક ૨૪ દાખલ થયેલ છે. હવે હાલના કામે વાદી તરફે રજૂ થયેલ પુરાવામાં ઊલટ તપાસ દરમિયાન એ હકીકત સ્પષ્ટ પણે રેકોર્ડ ઉપર પ્રસ્થાપિત થયેલ છે કે દાવાવાળા પ્લોટ નંબર ૧૦૦ પર બાંધવામાં આવેલ મકાનમાં આ કામના પ્રતિવાદી નંબર ૨ મકાન બન્યું ત્યારથી વસવાટ કરે છે. હવે પ્રતિવાદી નંબર ૨ જણાવે છે કે સદર હું પ્લોટ પ્રતિવાદી નંબર ૨ ના પતિ એટલે કે પ્રતિવાદી નંબર ૧ ખીમજી પ્રેમજી ગોંડલીયા ને ઘણા વર્ષ પહેલાં આપેલ અને તે પ્લોટ ઉપર પ્રતિવાદી નંબર ૨ અને તેમના પતિએ પોતે પોતાની સ્વકમાઈની આવક તેમજ પ્રતિવાદી નંબર ૨ ના સ્ત્રી ધન વગેરે વેચાણ કરી સદર હું પ્લોટ ઉપર મકાન બનાવવામાં આવેલ. હાલના

કામના વાદી ને પ્રતિવાદી તરફથી ઉલટ તપાસ દરમિયાન પૂછવામાં આવેલ છે કે પ્રતિવાદી નં. ૨ અને તેમના સગીર સંતાનને ભવિષ્યમાં તેમના હક અધિકાર આપવા ન પડે તે આશયથી આ મકાન વાદીના નામે કરેલ છે જે હકીકતનો વાદી ઇનકાર કરે છે. હવે આ કામે વાદીના સમર્થનમાં તેમના સસરા પ્રેમજી કુવરજી ગોંડલીયા ની આંક ૨૯ તળે પ્રતિવાદી નંબર ૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસ જોતા તેઓએ હકીકત તેમાં સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે ભવિષ્યમાં પુત્ર ખીમજીભાઈ પ્રેમજીભાઈ ગોંડલીયાએ તેમની પત્ની તથા પુત્રને હક્કો આપવા ન પડે તેવા આશયથી આ પ્લોટ અને મકાન આ કામના વાદીને, આ કામના પ્રતિવાદી નંબર ૨ ને કોઈપણ જાતની જાણ કર્યા સિવાય ટ્રાન્સફર કરાવેલ છે. હવે આ કામના વાદી તરફથી એવી તકરાર લેવામાં આવેલ છે કે આ કામના પ્રતિવાદી નંબર ૨ પ્રેમજીભાઈ ના પુત્રી નથી પરંતુ પુત્રવધુ છે અને વારસાઈ હક તેમને લાગતો નથી. અત્રે એ હકીકત નિર્વિવાદિત છે કે હાલના તબક્કે આ કામના પ્રતિવાદી નંબર ૧ અને ૨ નું લગ્ન જીવન અસ્તિત્વમાં છે. આ કામના પક્ષકારો દ્વારા એવી હકીકત રેકોર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે કે આ કામના પ્રતિવાદી નંબર ૧ અને ૨ વચ્ચે છૂટાછેડા થઈ ગયેલ છે, જેનો વાદી તથા પ્રતિવાદી નંબર ૧ તથા અન્ય સાહેદો સ્વીકાર કરે છે. પરંતુ એ હકીકત પણ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થયેલ છે કે હાલના કામે નામદાર ફેમિલી કોર્ટ, ભુજ દ્વારા પ્રતિવાદી નંબર ૧ અને ૨ ના છૂટાછેડા મંજૂર કરેલ છે, પરંતુ તેની સામે આ કામના પ્રતિવાદી નંબર ૧ દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવેલ છે જે અપીલના કામે નામદાર ફેમિલી કોર્ટ, ભુજ દ્વારા કરવામાં આવેલ છૂટાછેડાના હુકમ સ્થગિત કરવામાં આવેલ છે, આમ સમગ્ર હકીકતે આ કામના પ્રતિવાદી નંબર ૧ અને ૨ નું લગ્નજીવન હાલમાં અસ્તિત્વમાં હોવાનું માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

(૧૬.૧) હવે ઉપરોક્ત પુરાવો જોવામાં આવે તો હાલના કામે દાવાવાળી મિલકત પ્લોટ નં. ૧૦૦ આ કામના વાદીના નામે રેવન્યુ રેકર્ડ પર દાખલ થયેલ હોવાનું ફલિત

થાય છે. જેથી હાલના કામના વાદી દાવાવાળી મિલકત ના રેકર્ડ આધારે માલિક હોવાનું ફલિત થાય છે. પરંતુ ઉપરોક્ત પુરાવા નજરે એ હકીકત નિર્વિવાદપણે જણાઈ આવે છે કે આ કામના પ્રતિવાદી નં. ૨ ના પ્રતિવાદી નં. ૧ સાથે લગ્ન થયા ત્યારથી તેઓ દાવાવાળી મિલકતમાં રહે છે અને દાવાવાળી મિલકતના કબજા ભોગવટામાં આવેલ છે. હવે વાદીના કથન મુજબ પ્રતિવાદી નં. ૧ નાએ સદર દાવાવાળી મિલકત પ્રથમ તેમના પિતા અને વાદીના પતિના નામે મિલકત કર્યાબાદ આ કામના વાદીના પતિ પાસે આજીજી કરતા દાવાવાળી મિલકત પુત્ર અને ભાઈ તરીકે તેઓને રહેવા માટે આપેલ, જે હકિકતને આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ સમર્થન કરેલ છે. પરંતુ સદર કથનને સમર્થન કરતો કોઈ દસ્તાવેજી પુરાવો પ્રાપ્ત થતો નથી. હાલના કામે પ્રતિવાદી નં. ૨ નુ કથન છે કે તેમના લગ્ન થયા ત્યારથી તેઓ દાવાવાળી મિલકત પર મકાન બનાવી રહે છે. પોતાના લગ્ન બાદ આ કામના પ્રતિવાદી નં. ૨ નાઓ અન્ય કોઈ જગ્યાએ રહેલ હોય તેવો કોઈ પુરાવો નથી. હવે હાલના કામે એ હકિકત સ્પષ્ટ છે કે આ કામના પ્રતિવાદી નં. ૨ ના પતિ પ્રતિવાદી નં. ૧ ઘણા વર્ષોથી વિદેશ (મસ્કત) મુકામે રહે છે. હવે હાલના કામે આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ દાવાવાળી મિલકત પર મકાન બનાવેલ હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થતો નથી. પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ દાવાવાળા મકાનમાં આ કામના પ્રતિવાદી નં. ૨ તેમના લગ્ન થયા ત્યારથી રહે છે. આમ, ઉપરોક્ત તમામ ચર્ચા તથા પુરાવા અંતે દાવાવાળો પ્લોટ નં. ૧૦૦ આ કામના વાદીના નામે તેમના પતિ દ્વારો પોતાની હયાતી દરમિયાન આપેલ અને જેની નોંધ રેવન્યુ રેકર્ડ પણ થયેલ હોય આ કામના વાદી દાવાવાળી મિલકતના માલિક હોવાનું પુરવાર થાય છે પરંતુ દાવાવાળી મિલકતનો કબજો આ કામના પ્રતિવાદી નં. ૨ નો આવેલ હોવાનું પુરવાર થાય છે, જેથી **મુદ્દા નં. ૧ અંશતઃ હકારાત્મક** ઠરાવવામાં આવે છે.

(૧૬.૨) હાલના કામે વાદી અને પ્રતિવાદી નં. ૨ ના સસરા તથા પ્રતિવાદી નં. ૧ ના પિતા વાદીના સાહેદ તરીકે આંક ૨૯ થી પુરાવો રજુ કરેલ છે, જેમાં તેઓની ઉલટતપાસ જોતા, *“એ વાત ખરી છે કે, ભવિષ્યમાં મારા પુત્ર ખીમજીભાઈ*

*પ્રેમજીભાઈ ગોંડલીયાએ તેમની પત્ની તથા પુત્ર ને હક્કો આપવા ન પડે તેવા આશયેથી આ પ્લોટ અને મકાન આ કામના વાદીને પ્રતિવાદી નં. ૨ વાળાને કોઈ પણ પ્રકારની જાણ કર્યા સિવાય આ કામના વાદીના નામે ટ્રાન્સફર કરેલ છે."* હવે હાલના કામે એ હકીકત નિર્વિવાદ છે કે આ કામના પ્રતિવાદી નં. ૨ અને ૩ વચ્ચે કૌટુંબિક તકરાર હોતા પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ અને તેમના સસરા વિરુદ્ધ ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અપાવતા કાયદાની જોગવાઈ મુજબ ફોજદારી પરચુરણ અરજી નં. ૩૩૬/૨૦૧૧ દાખલ કરેલ. હવે હાલના કામે આંક ૨૩ જોવામાં આવે તો તા. ૦૫-૦૯-૨૦૧૧ ના રોજ દાવાવાળા પ્લોટ સહિતના બંને પ્લોટ નં. ૯૯ અને ૧૦૦ આ કામના વાદીના પતિના નામે દાખલ કરવામાં આવેલ, જ્યારે આ કામના પ્રતિવાદી નં. ૨ દાવાવાળા પ્લોટ નં. ૧૦૦ પર લગ્ન સમયથી રહેતા હતા તે હકિકત રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલ છે. ઉપરોક્ત હકીકત જોતા આ કામના પ્રિતાવાદી નં. ૨ અને તેમના સંતાનને હક્ક આપવો ન પડે તેથી પ્રતિવાદી નં. ૨ ની જાણ બહાર દાવાવાળી મિલકત વાદીના પતિના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ, એટલે કે આંક ૨૩ થી એ હકીકત સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદી નં. ૧ નાએ ફોજદારી પરચુરણ અરજી દાખલ કરતા દાવાવાળી મિલકત આ કામના વાદીના પતિના નામે દાખલ કરવામાં આવેલ. પ્રતિવાદી નં. ૨ દ્વારા દાખલ કરેલ અરજી ના તારીખ ૦૭-૦૫-૨૦૧૬ ના રોજ નિકાલ કરવામાં આવેલ જેમાં આ અરજદાર એટલે કે હાલના કામના પ્રતિવાદી નં. ૨ ને વ્યથિત પક્ષકાર એટલે કે હાલના પ્રતિવાદી નં. ૨ નાઓને શેર્ડ હાઉસહોલ્ડ માંથી કબજો દુર કરવો નહિ તેવો હુકમ કરવામાં આવેલ છે, હવે આંક ૨૪ જોવામાં આવે તો સદરહું હુકમ બાદ તા. ૧૧-૧૧-૨૦૧૯ ના રોજ વાદીના નામે દાવાવાળી મિલકત દાખલ કરવામાં આવેલ, જે ઉપરોક્ત પુરાવા મુજબ પ્રતિવાદી નં. ૨ અને તેમના બાળકોને હક્ક આપવો ન પડે તે આશયથી તબદિલ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, દાવાવાળી મિલકત પ્રતિવાદીનો હક્ક નહિ આપવાના ઈરાદે તબદિલ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ પણે માનવાને કારણ રહે છે, જેથી ઉપરોક્ત તમામ વિગતે **મુદ્દા**

**નં. ૨ અને મુદ્દા નં. ૩ નકારાત્મક** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪ અને ૭ ની સંયુક્ત ચર્ચાઃ-</u>**

*(4)* *Whether the defendant no. 2 proves that she has right to reside in suit property and his right was upheld by the appropriate Court?*
*<u>શું પ્રતિવાદી નં. ૨ પુરવાર કરે છે કે તે દાવાવાળી મિલકતમાં તેને રહેવાનો અધિકાર છે અને તેના હક્ક સક્ષમ અદાલતે કાયમ રાખેલ છે?</u>*

*(7)* *Whether suit is maintainable as the right of residence is upheld by the appropriate Court in favour of defendant No. 2?*
*સક્ષમ અદાલત દ્વારા પ્રતિવાદી નં. ૨ નો દાવાવાળી મિલકત પરનો હક્ક કાયમ કરેલ હોવાથી શું વાદીનો દાવો ટકવા પાત્ર છે?*

(૧૭) ઉપરોક્ત મુદ્દા હકીકત અને કાયદાની દ્રષ્ટિએ પરસ્પર રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચા ના પુનરાવર્તનનો દોષ ન થાય તે હેતુસર તથા સ્પષ્ટતા ખાતર ઉપરોક્ત મુદ્દાની ચર્ચા અત્રે એક સાથે કરવાનું મુનાસીબ ગણવામાં આવ્યું છે. જે અન્વયે ઉપરોક્ત મુદ્દાની ચર્ચા હવે પછી એક સાથે કરવામાં આવશે.

(૧૮) હાલના કામે પ્રતિવાદીનો બચાવ જોવામાં આવે તો, દાવાવાળી મિલકતમાં તેઓ લગ્ન કરી આવ્યા ત્યારથી તેમના પતિ પ્રતિવાદી નં. ૧ સાથે રહે છે. આ કામના પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ વચ્ચે કૌટુંબિક તકરાર હોવાના કારણે આ કામના પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ તથા તેમના પિતા વિરુદ્ધ ધી પ્રોટેક્શન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ, ૨૦૦૫ મુજબ ફોજદારી પરચુરણ અરજી નંબર ૩૩૬/૨૦૧૧ દાખલ કરેલ. સદર અરજી લગત તા. ૧૬-૦૫-૨૦૧૬ ના રોજ આંક ૫૧ થી નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

*"ORDER*

1. *The present application is partly allowed.*
2. *The respondents are restrained from dispossessing or in other manner disturbing possession of the aggrieved Person from the shared household.*
3. *No order as to costs.*

(૧૮.૧) આ કામના પ્રતિવાદી નં. ૨ નાએ આંક ૪૩ થી સદર હુકમ રજુ કરેલ છે. જે હુકમ ધ્યાને લેતા નામદાર અદાલતે સ્પષ્ટ પણે ઠરાવેલ છે કે, અરજદાર એટલે કે હાલના કામના પ્રતિવાદી નં. ૧ ને શેર્ડ હાઉસહોલ્ડ માં રહેવાનો હક્ક હોવાનું

ઠરાવેલ છે. હવે પક્ષકારો તરફથી ઉપરોક્ત તમામ પુરાવો વંચાણે લેતા એ હકીકત નિર્વિવાદ છે કે હાલના કામે પ્રતિવાદી નં. ૨ ની તરફેણમાં કરવામાં આવેલ હુકમ સામે કોઈ અપીલ દાખલ કરવામાં આવેલ નથી અને સદર હુકમ અસ્તિત્વમાં છે. વધુમાં પ્રતિવાદી નં. ૨ અને પ્રતિવાદી નં. ૧ વચ્ચે નામદાર ફેમેલી કોર્ટ દ્વારા છુટાછેડા મંજુર કરતો હુકમ કરવામાં આવેલ, જે હુકમ સામે આ કામના પ્રતિવાદી નં. ૨ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નામદાર ફેમેલી કોર્ટનો પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ વચ્ચે થયેલ છુટાછેડાનો હુકમ અમલ સ્થગિત કરવામાં આવેલ છે. જે સામે આ કામના વાદી અને પ્રતિવાદી નં. ૧ દ્વારા કોઇ તકરાર ઉપસ્થિત કરેલ નથી. જેથી હાલે આ કામના પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ પતિ પત્નિ તરીકેનો સંબંધ અસ્તિત્વમાં હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૮.૨) હવે હાલના કામે પ્રતિવાદી નં. ૧ ના જણાવે છે કે, પ્રતિવાદી નં. ૨ ના વૈકલ્પિક રહેણાંક માટે ભુજની સીમના રેવન્યુ સર્વે નં. ૧૬૭ ની એકર ૫-૧૮ ગુંઠા જમીન જે બિનખેતીમાં તબદીલ કરવામાં આવેલ તેમાં ધર્મક્ષેત્ર ના નામેથી પાડવામાં આવેલ પ્લોટ પૈકી પ્લોટ નં. ૭૧ પર બનાવવામાં આવેલ રહેણાંકનુ મકાન પ્રતિવાદી નં. ૨ માટે ખરીદ કરેલ છે, જેમાં આ કામના પ્રતિવાદી નં. ૨ રહી શકે છે. પ્રતિવાદી નં. ૧ જણાવે છે કે દાવાવાળી મિલકત જેમાં આ કામના પ્રતિવાદી નં. ૧ ને કોઈ હક્ક ના હોય પ્રતિવાદી નં. ૨ ને કોઈ હક્ક પ્રાપ્ત થઈ શકે નહિ તેવી રજુઆત કરેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૧ દ્વારા સદરહું દસ્તાવેજ આંક ૩૨ થી રજુ કરેલ છે. સદરહું દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો સદર મિલકત આ કામના પ્રતિવાદી નં. ૧ ખીમજી પ્રેમજી ગોંડલીયાના નામે ખરીદ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે  હાલના કામે ઉપરોક્ત ચર્ચા મુજબ આ કામના વાદીની સસરા એ હકીકત સ્પષ્ટ પણે કબુલ કરે છે કે પ્રતિવાદી નં. ૨ અને તેમના સંતાનોને કોઈ હક્ક આપવામાં ન આવે તેવા આશયથી દાવાવાળી મિલકત તબદીલ કરવામાં આવેલ હોવાનું કબુલ કરેલ છે. ઉપરોક્ત દસ્તાવેજ

જોતા પ્રતિવાદી નં. ૧ નામે રજીસ્ટર દસ્તાવેજ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. હવે ઉપરોક્ત ચર્ચા અનુસાર હાલના કામે પ્રતિવાદી નં. ૧ અને ૨ વચ્ચે હાલે લગ્ન જીવન ચાલુમાં હોવાનું તેમજ દાવાવાળી મિલકત સબંધે ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ, ૨૦૧૫ ની જોગવાઈ મુજબ દાવાવાળી મિલકત, શેર્ડ હાઉસહોલ્ડ, નાતે પ્રતિવાદી નં. ૨ નાઓને સદર મિલકતમાંથી કોઈપણ રીતે તેમના કબજા ભોગવટામાં અંતરાય કરવો નહિ તેવો સ્પષ્ટ હુકમ કરવામાં આવેલ છે, જે હુકમ હાલે અસ્તિત્વમાં છે. જેથી ઉપરોક્ત તમામ હકીકતે **મુદ્દા નં. ૪ હકારાત્મક અને મુદ્દા નં. ૭ નકારાત્મક** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૬ ની ચર્ચાઃ-</u>**

*(6)* *Whether suit is barred by law of limitation?*
*શું વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે?*

(૧૯) હાલના દાવાના કામે પ્રતિવાદીઓ દ્વારા સમય મર્યાદા અન્વયે કોઈ બચાવ ઉપસ્થિત કરેલ નથી. હાલનો દાવો જોવામાં આવે તો હાલના કામના વાદીના નામે દાવાવાળી મિલકત આંક ૨૪ થી તા. ૧૧-૧૧-૨૦૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, અને આ કામના વાદી દ્વારા હાલનો દાવો તા. ૦૧-૦૨-૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આમ, વાદીના નામે દાવાવાળી મિલકત દાખલ થયા બાદ ત્રણ વર્ષની મર્યાદામાં હાલનો દાવો દાખલ કરવામાં આવેલ હોય વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો નહિ હોવાનું મારૂ માનવુ હોય, **મુદ્દા નં. ૬ નકારાત્મક** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૫ અને ૮ ની ચર્ચાઃ-</u>**

*(5)* *Whether plaintiff is entitled for the relief as prayed for?*
*શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?*
*(8)* *What order and Decree?*
*શું હુકમ અને હુકમનામુ?*

(૧૭) કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઇ પણ દાવામાં વાદી તેમની દાવા અરજીની હકીકતો સબળ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે ભારતીય પુરાવા અધિનિયમ ની જોગવાઈઓ મુજબ અદાલત સમક્ષ પુરવાર કરે તે બાદ

જ વાદીએ તેની દાવા અરજીમાં માંગણી કરેલ દાદ પૈકી કઇ દાદ મેળવવા તે હકદાર બને છે અને કઇ દાદ મેળવવા તે હક્કદાર બનતા નથી તેનો નિર્ણય કરવાનો રહે છે. દાવામાં જણાવેલ વિગતે આ કામના વાદી દ્વારા માંગવામાં આવેલી દાદ જોવામાં આવે તો, વાદીની માલિકી ની સ્થાવર મકાન મિલકત જે મોજે ભુજ તાલુકાના ગામ મિરજાપર મધ્યેપ્લોટ નંબર ૧૦૦ વાળો જેનું ક્ષેત્રફળ ૨૨૨.૯૬ ચોરસ મીટર વાળો જેના પર બાંધવામાં આવેલ રહેણાંકનું મકાન જેના મિરજાપર ગ્રામ પંચાયત મિલકત નંબર ૭/૬૪ વાળું આવેલ છે તે મકાન વાદીની માલિકીનું છે, તેમાં પ્રતિવાદીઓનો કોઈ હક હિસ્સો નથી તેવું હુકમ તેમજ હુકમનામું ફરમાવવા અરજ છે. તથા આ કામના પ્રતિવાદીઓ સદર દાવાવાળા મકાનનો શાંત પ્રત્યક્ષ કબજો વાદીને સુપરત કરી આપે તેવું હુકમ તેમજ હુકમનામું ફરમાવવા, તેમજ પ્રતિવાદી નંબર ૧,૨ વાળા દાવાવાળી મિલકત પર કોઈ ભાર બોજો ઉત્પન્ન કરી મિલકતને નુકસાન પહોંચાડે નહીં તથા પ્રતિવાદીઓ વાદીના કબજા ભોગવટામાં અંતરાય અટકાયત કરે કરાવે નહીં તેવું દરમિયાન તેમજ કાયમી મનાઈ હુકમ ફરમાવવા સબબ દાદ ની માંગણી કરેલ છે. જેના અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ તમામ પુરાવા નું સમગ્રલક્ષી મુલ્યાંકન કરતા સ્પષ્ટ બને છે કે, દાવાવાળી મિલકત સક્ષમ અદાલતના હુકમ દ્વારા આ કામના પ્રતિવાદી નં. ૨ ના શેર્ડ હાઉસહોલ્ડ માંના કબજામાં કોઈ પણ રીતે અંતરાય અટકાયત કરવી નહિ તેવો હુકમ કરવામાં આવેલ છે જે હુકમ હાલે અસ્તિત્વમાં છે, તેમજ રેકર્ડ પર એ હકીકત સ્થાપિત થયેલ છે કે પ્રતિવાદી નં. ૨ અને તેમના સંતાનોને દાવાવાળી મિલકત માં હક્ક ન મળે તેવા આશયથી મિલકત તબદિલ કરવામાં આવેલ છે, આ કામના વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર બનતા નથી તેવું મારું નમ્ર પણે માનવું છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલ તમામ પુરાવા તથા કાયદાકીય સિદ્ધાંતો નજરે આ કામના વાદી કોઈ દાદ મેળવવા હકદાર ઠરતા ન હોય **મુદ્દા નંબર (૫) નકારાત્મક** ઠરાવી **મુદ્દા નંબર (૮)** પરત્વે નીચે મુજબનું આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>**-:આખરી હુકમ:-**</u>

(૧) વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) પક્ષકારોને થયેલ દાવાનો ખર્ચ વાદી એ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ ૨૯ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૯-૦૪-૨૦૨૬
સ્થળ: ભુજ-કચ્છ

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
ત્રીજા અધિક સીનીયર સીવીલ જજ, ભુજ-કચ્છ
યુનીક કોડ - જીજે૦૧૨૮૯